નવી વર્ધિત પેન્શન યોજના અંતર્ગત લીગસી
ફંડની રકમ પર જી.પી.એફ.ના દરે વ્યાજની
ચૂકવણી કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: નપન-૧૦૨૦૧૧-ડી-૨૪૫-પી(પા.ફા.-૧)
સચિવાલય, ગાંધીનગર
તા.૩૧/૦૩/૨૦૨૧

**વંચાણે લીધા:**

૧ નાણા વિભાગનો તા.૧૮/૩/૨૦૦૫નો ઠરાવ ક્રમાંક: નપન-૨૦૦૩-જી.ઓ.આઇ.-૧૦-પી
૨ નાણા વિભાગનો તા.૩૦/૦૮/૨૦૧૧નો પરિપત્ર ક્રમાંક: નપન-૧૦૨૦૧૧-ડી-૨૪૫-પી
૩ NPS અંગે Expert Committee નો તા.૧૬/૬/૨૦૦૭નો અહેવાલ
૪ નાણા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૦૭નો પત્ર ક્રમાંક: નપન-૨૦૦૫-ઓ-૯૭૪-પી
૫ ભારત સરકારના નાણા મંત્રાલયનું તા.૩૧/૦૧/૨૦૧૯નું જાહેરનામું
૬ ડી.પી.પી.એફ. કચેરીનો તા.૦૮/૦૩/૨૦૨૧નો પત્ર ક્રમાંક: ડીપીપી/એન.પી.એસ./૧૬૪૨/૨૦૨૧

**પ્રસ્તાવના:**

રાજ્ય સરકાર દ્વારા વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક (૧) થી નવી વર્ધિત પેન્શન યોજના લાગુ પાડવામાં આવેલ છે તથા વંચાણે લીધેલ પરિપત્ર ક્રમાંક (૨) થી નવી વર્ધીત પેન્શન યોજના અંતર્ગત કેન્દ્રિય યોજના હેઠળ કપાતના ડેટા તથા ફંડ તબદીલ કરવાની કાર્યરીતી નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૩)ના અહેવાલ તથા વંચાણે લીધેલ ક્રમાંક (૪)ના પત્રથી એવા દરેક કિસ્સાઓ કે જેમાં કર્મચારીઓના પગારમાંથી કપાત કરવામાં આવી હોય પરંતુ કોઇ કારણસર NPS Trustને મોકલવામાં આવેલ ન હોય અથવા મોડેથી મોકલવામાં આવેલ હોય તો આવી લીગસી ફંડની રકમ પર કપાત તારીખથી લઇને કર્મચારીનાં NPS ખાતામાં જમા થાય તે તારીખ સુધીનાં સમયગાળા માટે વ્યાજ દર નક્કી કરવામાં આવેલ હતો. વંચાણે લીધેલ ક્રમાંક (૫) આગળના ભારત સરકારનાં જાહેરનામાથી આ પ્રકારના કેસોમાં લીગસી ફંડની રકમ ઉપર GPF ની જમા સિલક પર ચૂકવવામાં આવતા વ્યાજ દરે વ્યાજ ચૂકવવાનું ઠરાવેલ છે. પ્રસ્તુત બાબતે રાજ્યના NPS ખાતાધારકોની લીગસી ફંડની રકમ પરના વ્યાજ દરમાં સુધારો કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાના અંતે આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ નાણાંકીય વર્ષ તેમજ આગામી સમયગાળા માટે લીગસી ફંડની રકમ પર નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબના દરે વ્યાજ ચુકવવાનું રહેશે.

| ક્રમ | સમયગાળો | કર્મચારીની NPS Trustમાં જમા કરાવવાની થતી બાકી લીગસી રકમ પર ચુકવવાનો વ્યાજ દર |
|---|---|---|
| ૧. | તા.૧/૪/૨૦૨૦ થી તા.૩૧/૩/૨૦૨૧ સુધી ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે | GPFના દરે ૭.૧% લેખે |
| ૨. | તા.૧/૪/૨૦૨૧ થી આગામી સમય માટે | ભવિષ્યમાં નક્કી થનાર GPF ના દરે |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજય સાંગડિયા)
સેકશન અધિકારી
નાણા વિભાગ

નકલ રવાના:-

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,

- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,

તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
સિલેકટ ફાઇલ પી શાખા

- પત્ર દ્વારા